સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષણ
સહાયક/મદદનીશ શિક્ષકોની બદલીના નિયમો.

ગુજરાત સરકાર

શિક્ષણ વિભાગ

ઠરાવ ક્રમાંક:ED/GMO/e-file/3/2022/1897/G.1

સચિવાલય, ગાંધીનગર.

તારીખ: *e-Sign* મુજબ

વંચાણે લીધા:

(૧) શિક્ષણ વિભાગનો તારીખ.૧૨/૧૧/૨૦૨૪નો સમાન ક્રમાંકનો ઠરાવ.

(૨) શિક્ષણ વિભાગનો તારીખ.તા.૧૦/૦૨/૨૦૨૫નો સમાન ક્રમાંકનો ઠરાવ.

(3) કમિશ્નરશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગર નો તારીખ.૦૪/૦૭/૨૦૨૬ નો પત્ર ક્રમાંક:COS/BDL/e-file/276/2026/1962/Establishment-9.

**પ્રસ્તાવના:**

શિક્ષણ વિભાગના વંચાણે લીધા ક્રમ- (૧) સામેના તા.૧૨/૧૧/૨૦૨૪ના ઠરાવથી સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષણ સહાયક/મદદનીશ શિક્ષકોની બદલીના નિયમો/કાર્યપધ્ધતી નિયત કરવામાં આવેલ છે. સદર ઠરાવમાં જિલ્લા વિભાજન અંગેની કોઈ જોગવાઈ ન હોઈ, જિલ્લા વિભાજન થવાના કારણે ઊભી થતી વહીવટી પરિસ્થિતિ તેમજ રજૂઆતો ધ્યાને લઈ કમિશ્નરશ્રી શાળાઓની કચેરીએ દ્વારા વંચાણે લીધા ક્રમ-(૩) સામેના તા. ૪-૭-૨૦૨૬ ના પત્રથી આ અંગેની નીતિ નક્કી કરવા દરખાસ્ત રજૂ કરવામાં આવેલ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવેછે.

**ઠરાવ:**

સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષણ સહાયક/મદદનીશ શિક્ષકોને જિલ્લા વિભાજન અન્વયે પોતાના મૂળ જિલ્લા અથવા નવરચિત જિલ્લામાં જવા માટે "વન-ટાઇમ વિકલ્પ" (ONE-TIME Option) આપવા માટે શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમ-(૧) સામેના તા.૧૨/૧૧/૨૦૨૪ના ઠરાવમાં નીચે મુજબની જોગવાઈઓ અને શરતો ઉમેરવા આથી મંજૂરી આપવામાં આવે છે.

**જિલ્લા વિભાજન અન્વયે જોગવાઈઓ અને શરતો:**

(૧) જિલ્લા વિભાજનની પ્રક્રિયા દ્વારા નવા જિલ્લા અસ્તિત્વમાં આવેલ હોય તેવા કિસ્સામાં અગાઉ મૂળ જિલ્લામાં નિમણૂંક પામેલ શિક્ષણ સહાયક/મદદનીશ શિક્ષક પોતાના વિભાગ/વિષયને અનુરૂપ મૂળ જિલ્લામાંથી નવરચિત જિલ્લામાં અને નવરચિત જિલ્લામાંથી મૂળ જિલ્લામાં જવા માટે વિકલ્પ આપી શકશે. તેમજ જ્યારે કોઈ આખા તાલુકાને બીજા જિલ્લામાં સમાવેશ કરવામાં આવે ત્યારે માત્ર તે તાલુકામાં ફરજ બજાવતા શિક્ષણ સહાયક/મદદનીશ શિક્ષક નવા જિલ્લામાં ચાલુ રહેવા માંગે છે કે મૂળ જિલ્લામાં જવા માંગે છે તે અંગેનો વિકલ્પ આપી શકશે અને જ્યારે કોઇ ગામને એક જિલ્લામાંથી બીજા જિલ્લામાં સમાવવામાં આવે ત્યારે તેવા શિક્ષણ સહાયક/મદદનીશ શિક્ષક નવા જિલ્લામાં રહેવા માંગે છે કે મૂળ જિલ્લામાં જવા માંગે છે તે અંગેનો વિકલ્પ આપી શકશે.

(૨) શિક્ષણ સહાયક/મદદનીશ શિક્ષક પાસેથી વિકલ્પ મેળવતા પહેલા તમામ ખાલી જગ્યાઓની વિગત વિભાગવાર, માધ્યમવાર, વિષયવાર શાળાઓના નામ સાથેની વિગતવાર યાદી પ્રસિદ્ધ કરી તમામ શિક્ષકને શાળા મારફત જાણ કરવાની રહેશે.

(3) આ રીતે આયોજિત કરવાના થતા વિકલ્પ કેમ્પ માટે મૂળ જિલ્લા તથા નવરચિત જિલ્લામાં ફરજ બજાવતા સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના તમામ શિક્ષણ સહાયક/મદદનીશ શિક્ષક પાસેથી ફરજિયાતપણે નિયત થયેલ વિકલ્પ ફોર્મ મુજબનો વિકલ્પ મેળવવાનો રહેશે.

(૪) આ રીતે આયોજિત કરવાના થતા વિકલ્પ કેમ્પમાં મૂળ જિલ્લા તથા નવરચિત જિલ્લામાં ફરજ બજાવતા સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના તમામ શિક્ષણ સહાયક/મદદનીશ શિક્ષકને વિકલ્પનો લાભ આપવાનો રહેશે.

(૫) વિકલ્પ અંગેનું 'રજિસ્ટર' નિભાવવાનું રહેશે.

(૬) આ રીતે એક વખત આપેલ વિકલ્પ આખરી ગણાશે અને તેમાં કોઈ ફેરફાર થઇ શકશે નહીં.

(૭)વિકલ્પ આપ્યા બાદ કેમ્પમાં ગેરહાજર રહેનાર કે સ્થળ પસંદગી ના કરનાર શિક્ષણ સહાયક/મદદનીશ શિક્ષકનો વિકલ્પ ધ્યાને લેવામાં આવશે નહીં તથા ભવિષ્યમાં વિકલ્પની વધુ તક આપવાની રહેશે નહીં.

(૮)સંબંધિત શિક્ષણ સહાયક/મદદનીશ શિક્ષકે આ વિકલ્પ તથા નિયત અરજી ફોર્મ તથા બાંહેધરી અને નિયત આધારો સાથેની અરજી સંબંધિત શાળાના આચાર્યને કરવાની રહેશે. આચાર્યશ્રી દ્વારા મળેલ અરજીઓની રેકર્ડ આધારિત પુરતી ચકાસણી કરી જરુરી સહી-સિક્કા તથા અભિપ્રાય સાથે અરજીઓ સંબંધિત જિલ્લાશિક્ષણાધિકારીશ્રીની કચેરીને મોકલી આપવાની રહેશે.

(૯)વિકલ્પ કેમ્પમાં ખાતામાં દાખલ તારીખ (હાજર તારીખ) મુજબની સિનિયોરીટીને ધ્યાને લઇ વિકલ્પ મુજબ બદલી કરવાની રહેશે. અગાઉ કોઇ બદલી કેમ્પમાં મહેકમના અભાવ કે વહીવટી કારણોસર છૂટા થઇ ન શકેલા શિક્ષકો માટે મૂળ જિલ્લામાં દાખલ તારીખ તરીકે જે તે બદલી કેમ્પના હુકમની તારીખને ધ્યાને લેવાની રહેશે.

(૧૦) ઉક્ત મુજબ જો ખાતામાં દાખલ તારીખ સરખી હોય તો જન્મ તારીખ (ઉંમરમાં મોટા) ધ્યાને લઇ અગ્રતા ક્રમ આપવાનો રહેશે. જો જન્મ તારીખ પણ સરખી હોય તો શિક્ષણ સહાયક/મદદનીશ શિક્ષકના ગુજરાતીમાં નામની કક્કાવારી મુજબ અગ્રતા ક્રમ નક્કી કરવાનો રહેશે.

(૧૧)વિકલ્પ મુજબ તેઓના વિષયની જગ્યા ખાલી ન હોવાના કિસ્સામાં વિકલ્પથી સમાવવાના બાકી રહેલ શિક્ષણ સહાયક/મદદનીશ શિક્ષકોને જ્યારે પણ વિકલ્પ આપેલ જિલ્લામાં તે વિષયની જગ્યા ઉપસ્થિત થાય ત્યારે અગ્રતાના ધોરણે તેમને સૌપ્રથમ તક આપવાની રહેશે.

(૧૨) જિલ્લા વિભાજનના વિકલ્પ અનુસાર બદલી પામેલ શિક્ષકની આંતરિક કે જિલ્લા ફેરબદલી કેમ્પ માટે વિકલ્પ કેમ્પ પહેલાની મૂળ શાળાની તારીખ ધ્યાને લેવાની રહેશે.

(૧૩) જિલ્લા વિભાજનના વિકલ્પ અનુસાર બદલી પામેલ શિક્ષકની જિલ્લા આંતરિક કે જિલ્લા ફેરબદલી તરીકેની તક ગણાશે નહીં.

(૧૪) ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં નિમણૂક પામેલ શિક્ષણ સહાયક/મદદનીશ શિક્ષકની ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં અને માધ્યમિક વિભાગમાં નિમણૂંક પામેલ શિક્ષણ સહાયક/મદદનીશ શિક્ષકની માધ્યમિક વિભાગમાં જ બદલી થઇ શકશે.

(૧૫)કેમ્પમાં જે-તે વિષયના શિક્ષણ સહાયક/મદદનીશ શિક્ષકને જે-તે મુખ્ય વિષયની ખાલી જગ્યાઓ પર જ મૂકવાના રહેશે. વિષયમાં બાંધછોડ કરીને કોઈ હુકમ કરી શકાશે નહીં. ઉદાહરણ તરીકે શિક્ષણ સહાયક/મદદનીશ શિક્ષકનો નિમણૂંકનો વિષય સામાજિક વિજ્ઞાન હોય તો તેમની બદલી સામાજિક વિજ્ઞાનના વિષયની ખાલી જગ્યા પર જ કરી શકાશે.

(૧૬)કેમ્પમાં ભાગ લેનાર શિક્ષણ સહાયક/મદદનીશ શિક્ષક સક્ષમ અને પુખ્ત સમજણ ધરાવતાં હોઇ, એકવાર પોતાની માંગણીથી પસંદ કરેલ જિલ્લા/શાળાનો હુકમ કોઇપણ સંજોગોમાં રદ થઇ શકશે નહી. જેથી અન્ય ઉમેદવારને અન્યાય થવાની સંભાવના રહે નહીં.

(૧૭)સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષણ સહાયક/મદદનીશ શિક્ષકોને બદલીના કેમ્પ કરવાના ક્રમ આ મુજબ રહેશે.(૧) વધ ઘટ કેમ્પ (૨) તાલુકા વિભાજન કેમ્પ (જો જરૂર હોય તો) (૩) જિલ્લા આંતરિક ફેરબદલી કેમ્પ (૪) જિલ્લા વિભાજન કેમ્પ (જો જરૂર હોય તો) (૫) જિલ્લા ફેરબદલી કેમ્પ.

આ હુકમો વિભાગની સરખાક્રમાંકની ઇ-ફાઇલ પરની સરકારશ્રીની તારીખ.૧૬/૦૭/૨૦૨૬ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

Signature valid

Signed by : GOHIL SAMIR IBRAHIMBHAI
Under Secretary
Education Department
Date : 2026.07.22 14:43:34 IST

*e-Sign*

(સમીર આઇ.ગોહિલ)

ઉપ સચિવ

શિક્ષણ વિભાગ,

- અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી (શિક્ષણ)નું કાર્યાલય,સ્વર્ણિમ સંકુલ-૧,ગાંધીનગર.
- અંગત સચિવશ્રી, માન.રા.ક.મંત્રીશ્રી (પ્રા.મા.અને પ્રૌઢ શિક્ષણ)નું કાર્યાલય,સ્વર્ણિમ સંકુલ-૨/૧,ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ) ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં-૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ (કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી,મારફતે)
- સીસ્ટમ મેનેજરશ્રી, આઇ.ટી. સેલ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. વિભાગની વેબ સાઇટ પર પ્રસિધ્ધ કરવા સારુ.
- સિલેક્ટ ફાઈલ / શાખા કચેરી ફાઈલ.

---

ક્રમાંક– COS/BDL/e-file/276/2026/1962/Establishment/m-9/૭૯૨૮-૭૯૯૨

કમિશનર શાળાઓની કચેરી
વિદ્યા સમીક્ષા કેન્દ્ર,
બીજો માળ, સેક્ટર–૧૯
ગુ.રા., ગાંધીનગર.
તા.22/07/2026

પ્રતિ
જિલ્લાશિક્ષણાધિકારીશ્રી,
તમામ.

➢ ઉક્ત ઠરાવની જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

મદદનીશ શિક્ષણ નિયામક
મહેકમ
ગુ.રા.,ગાંધીનગર.